લેખાંક-૧૭

# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી



અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

નારદજીએ આપેલી સમજણથી અધીરાઈ દાખવી, પાર્વતીજીએ મહાદેવજી આગળ અમરકથા સાંભળવાની જીદ પકડી અને એના માટે જયારે તેઓ મહાદેવજી સાથે મેરુ શૃંગ પર્વતથી આવી રહ્યાં હતાં ત્યારે એક એકાંત જગ્યા જોઈ હઠાગ્રહ કર્યો કે બસ હવે મને અહીં આ કથા સંભળાવો. મહાદેવજીએ ઘણું સમજાવ્યું પરંતુ પાર્વતીજી પોતાની જીદમાં અડગ રહ્યાં. અંતે પાર્વતીજીના આદેશથી ગણોએ આ સ્થળની નાકાબંધી કરી અને કોઈ પણ વ્યક્તિ ત્યાં ફરકી પણ નહિ શકે તેવી જડબેસલાક પરિસ્થિતિનું નિર્માણ કર્યું. હવે શિવજી પાસે પાર્વતીજીને સમજાવવાનો કોઈ અવકાશ ન રહ્યો. ગણો દ્વારા રચવામાં આવેલી દશે દિશાની ચોકીમાં કોઈ અંદર આવી ન શકે પરંતુ અંદર રહેલાં પશુ, પક્ષી, જીવ જંતુ વગેરેનું શું? આમાંથી કોઈ પણ જો આ અમરકથા સાંભળી જાય તો મહા અનર્થ થઈ જાય. આના ઉપાય તરીકે અંતર્યામી શિવજીએ ખૂબ જોરમાં તાળીઓ પડી. તાળીઓના મહાનાદથી ચારેકોર હાહાકાર મચી ગયો. વીજળીના કડાકાભડાકા કરતા પણ અનેક ગણી તીવ્રતાવાળો તાળીઓનો આ મહાનાદ સાંભળી ગુફામાં, બખોલમાં રહેલાં પશુ ભાગી ગયાં અને ઝાડ પર રહેતાં પક્ષીઓ ઊડી ગયાં. જીવજંતુઓએ પણ એમનો રસ્તો પકડી લીધો. આમ અંતર્યામી મહાદેવજીએ આ સ્થળની ગુપ્તતા માટે તમામ પ્રયત્નો કર્યા. આ બાબતની સંપૂર્ણ ખાત્રી કર્યા પછી, પાર્વતીજીને આ અમરકથા સંભળાવવા માટે મહાદેવજી તૈયાર થયા. કહેવાય છે કે જે સ્થળે આ કથાનું વર્ણન મહાદેવજીએ કર્યું તે સ્થળ આજે પવિત્ર અમરનાથ તરીકે ઓળખાય છે.

“મનવાંછિત વરદાતા શંભુ, અભિલાષા પાર્વતીજીની જાણી,
ગુપ્ત જ્ઞાનનું પ્રગટીકરણ કરે છે વરસાવી અમૃત વાણી”

આ સ્થાન ખૂબ એકાંતભર્યું હતું, ચારે બાજુ પર્વતો અને ગુફાનું સામ્રાજ્ય હતું અને તે પણ પાછું ગણોની રક્ષામાં હતું. વળી જગ્યા પણ એવી હતી કે ઝાડો પણ સુકાયેલાં હતાં. ઝાડોને માત્ર થડ અને ડાળીઓ જ હતી. વળી શિવજીએ અમૃતવાણી વરસાવતા પહેલાં જોરથી તાળી પાડી અને તાળીના મહાનાદ વડે ઉઠેલા પડઘાઓથી આ સૂકાં ઝાડોની બખોલમાં ભરાયેલાં પંખીઓ પણ ગભરાઈને ઊડી ગયાં પરંતુ આટલી ચોકસાઈ પછી પણ બને છે એવું કે નજીકના એક ઝાડની બખોલમાં ઈંડામાંથી હમણાં જ તાજું જન્મેલું પોપટનું બચ્ચું ઊડવા માટે અસમર્થ હોઈ, તે બખોલમાં જ ભરાઈ રહે છે. અગાઉના લેખોમાં આપણે સમજયા તેમ રાધાજીના નિકુંજમાં બ્રહ્મમિલનરૂપી પૂર્વજન્મના સંસ્કારોને પ્રાપ્ત જે પોપટ હતો તે જ આ જન્મમાં પોપટના બચ્ચા રૂપે જન્મ લે છે અને આ પોપટનું બચ્ચું શિવજીની વાણી ગ્રહણ કરવા સમર્થ બને છે. આ બાજુ પાર્વતીજીની જીદ પૂરી કરવા અને જડબેસલાક વ્યવસ્થાની ચકાસણી અને યોગ્ય પ્રતિબંધ જાણ્યા બાદ શિવજી અમૃતવાણી શરૂ કરે છે અને પાર્વતીજીને સૂચના આપે છે કે આ અમૃતવાણીમાં આપને જેમ જેમ સમજ પડે તેમ તેમ આપે હોકારો આપવાનો. આથી મને ખબર પડે કે આપ આ કથામૃતનું રસપાન કરી તેને સમજી રહ્યાં છો. શિવજીએ કથા તો શરૂ કરી પરંતુ-

“પાસે ઝાડની બખોલમાં એક અલૌકિક પંખી વાસ કરે,
ગુપ્ત રીતે માળામાં બેઠું જ્ઞાનવાદ ઉરમાહી ધરે”

ઝાડની બખોલમાં ભરાયેલ તાજું જન્મેલું પોપટનું બચ્ચું કે જે ઊડી શકવા અસમર્થ હતું તે પણ પોતાના માળામાં ભરાઈને છાનુંમાનું શિવ-પાર્વતીનો આ જ્ઞાનવાદ સાંભળતું હતું. શિવજી તો ખૂબ સુંદર શૈલીમાં આ કથાનું પાર્વતીજીને રસપાન કરાવી રહ્યા હતા. ત્યાં શું બન્યું?

“એક ચિત્તે સાંભળે વદતા વિશ્વાધાર,
હોકારો ગિરિજા ભણે વચમાં વારંવાર,
એક વાર ભૂલી ગયા કરતા કૈંક વિચાર,
માળામાંથી પક્ષીએ પૂર્યો શબ્દ હુંકાર”

શિવજી જ્ઞાનોપદેશ કરે છે, પાર્વતીજી તેમની સૂચના મુજબ હોકારો ભણે છે અને આખી અમરકથા સાંભળે છે. આ કથા સાંભળતા વિચારમાં પડી ગયેલા પાર્વતીજી (અહીં એક નોંધ લઈએ કે, એક મંતવ્ય પાર્વતીજીને ઝોકું આવી જાય છે તેમ પણ દર્શાવે છે) હોકારો ભણવાનું ભૂલી જાય છે એટલે આ જ્ઞાનોપદેશ સાંભળી રહેલા અને માળામાં છુપાયેલા પેલા પોપટના બચ્ચાએ હોકારો ભણ્યો.

“શબ્દ અજાણ્યો સુણ્યો જહાં, નજર ફેરવી ઊંચે તહાં;
પાર્વતીનું ધાર્યું મનમાં રહી ગયું, પંખી ત્યાંથી ઊડી ગયું”

ઓચિંતો અજાણ્યો અવાજ સાંભળીને પાર્વતીજીએ દ્રષ્ટિ ફેરવી પરંતુ ત્યાં તો એ પોપટનું બચ્ચું વીજળીના વેગે ઊડી ગયું. શિવજી તો અંતર્યામી હતા. તેઓ તો આ હકીકત બનશે તેનાથી વાકેફ હતા જ. ફક્ત પાર્વતીજીની જીદ પર અમરકથા સંભળાવવા તૈયાર થયા હતા. આ બનાવ પછી મંદહાસ્ય કરીને શિવજી, પાર્વતીજીને કહેવા લાગ્યા કે જુઓ તમારા દુરાગ્રહનું આ પરિણામ આવ્યું. આ સાંભળી પાર્વતીજી એકદમ ગુસ્સે ભરાઈ ગયાં. શિવજીના આ શબ્દો સાંભળીને

> પાર્વતીજીના આદેશથી ગણોએ આ સ્થળની નાકાબંધી કરી અને કોઇ પણ વ્યક્તિ ત્યાં ફરકી પણ નહિ શકે તેવી જડબેસલાક પરિસ્થિતિનું નિર્માણ કર્યું. હવે શિવજી પાસે પાર્વતીજીને સમજાવવાનો કોઇ અવકાશ ન રહ્યો. ગણો દ્વારા રચવામાં આવેલી દશે દિશાની ચોકીમાં કોઇ અંદર આવી ન શકે પરંતુ અંદર રહેલાં પશુ, પક્ષી, જીવજંતુ વગેરેનું શું? આમાંથી કોઇ પણ જો આ અમરકથા સાંભળી જાય તો મહા અનર્થ થઇ જાય

અગ્નિમાં ઘી હોમતા જેમ જ્વાળા પ્રગટ થઇ જાય તેમ પાર્વતીજીના અંગેઅંગમાં ક્રોધ ઉભરાઈ આવ્યો અને અચાનક તેમના લોચન પ્રલયકાળના અગ્નિના જેવા થઇ ગયા. પોતે કરેલા દુરાગ્રહ અને સાવચેતીની આટલી સગવડ કર્યા પછી પણ શિવજીએ શરૂઆતમાં આપેલી ચેતવણી તેમને સાચી લાગી.

(ક્રમશઃ)

# પ્રકાશ શા માટે?



બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના દીઘાથી થોડે દૂર, ઉત્તરમાં કેલેઘાઈ નદીના ઉત્તર કાંઠે, શિવલીપુર ગામના સીમાડે રંજતદાસ બાઉલના આશ્રમે ગયા હતા.

અમે કલકત્તાથી અહીં આવતા પહેલાં, રંજતને ટેલિફોન કરી દીધો હતો. ત્યારે વાતચીતમાં બાઉલે પૂછ્યું હતું કે કલકત્તામાં સંદેશનો શું ભાવ છે? આ વાતનો મર્મ મારા મિત્ર જતીન બંદોપાધ્યાયે એવો લીધો કે બાઉલને સંદેશ જોઈએ છે, તેથી તેમણે બે કિલો સંદેશ નામે મીઠાઈ સાથે લીધી હતી.

આશ્રમમાં જ્યારે બાઉલ પાસે આ મીઠાઈ રજૂ કરી ત્યારે બાઉલ હસવા લાગ્યો! તેમણે કહ્યું, ‘‘જતીનબાબુ મારે સંદેશ જોઈતું નહોતું! તે સમયે એક મુલાકાતીએ પૂછ્યું હતું, તેથી સહજ રીતે વાત ચાલતી હતી’’ પછી ઉમેર્યું, ‘‘તમે અર્થ પકડવામાં ખૂબ જ સતેજ છો! મારા ગુરુ ગ્રીષ્મા દાસ એક વાર્તા કહેતા, તે સંભળાવું?’’

અમે હસીને હા કહી.

રંજતદાસ બાઉલ બોલ્યા, ‘ગુરુ વાર્તામાં કહેતા કે એક બાઉલને ત્રણ શિષ્ય હતા. ત્રણેય હજુ નવદીક્ષિત હતા. બાઉલનો આશ્રમ ઊંડા જંગલમાં હતો. ત્યાં આવવા જવા માટેના માર્ગ પર ઝેરી જનાવરો ફરતા રહેતા. તેથી સરળતાથી અજવાળું કરી ચાલી શકાય તે હેતુસર એક બાઉલ પ્રેમીએ ગુરુને ત્રણ ટોર્ચ આપી હતી.

બાઉલે તે ત્રણે ટોર્ચ નવદીક્ષિત ચેલાઓને આપી દીધી! જેથી તેમને આવવાજવામાં ઉપયોગી થાય.

ત્રણેયને ટોર્ચ આપી છતાં પણ પરોઢે કે સાંજે તેમને પગમાં વીંછી, કાનખજૂરા, જેવાં ઝેરી જીવડાંઓ તો કરડતાં જ રહેતાં હતાં! બાઉલને આશ્ચર્ય થયું કે પ્રકાશ છે છતાં ઝેરી જીવડાંઓથી શિષ્યોનો બચાવ કેમ થતો નથી? તેથી તેણે ત્રણેય જ્યારે બહાર જાય ત્યારે એક એક પીઢ મારફતિયા માણસને પરિસ્થિતિનો તાગ લેવા માટે સાથે મોકલવાનું શરૂ કર્યું. બે દિવસ પછી તે પીઢ માણસોએ બાઉલને અહેવાલ આપ્યો. પ્રથમ માણસ બોલ્યો કે, ‘‘મારી સાથેનો બાઉલ શિષ્ય તો ટોર્ચ ક્યારેય બહાર કાઢતો જ નથી! ચાલુ કરવાની વાત તો પછીની છે!’’ બીજો પીઢ માણસ બોલ્યો, ‘‘મારી સાથેનો બાઉલ શિષ્ય ટોર્ચ કાઢે છે, ચાલુ પણ કરે છે પરંતુ પ્રકાશપુંજને જમીન પર રાખવાને બદલે હવામાં રાખે છે!’’

ત્રીજો માણસ , ‘‘મારી સાથેના બાઉલ શિષ્યે તો હદ કરી છે! ટોર્ચ ચાલુ કરીને તે સીધો જ સામે આવતા માણસના ચહેરા પર, આંખોમાં પ્રકાશનો શેરડો છોડે છે!’’

ત્રણેય માણસો એકીસાથે બોલ્યા, ‘‘આ સ્થિતિમાં જમીન પર રહેલા ઝેરી જંતુ તેમના પગને દંશ દઈ દે છે!’’

બાઉલને આશ્ચર્ય થયું કે શિષ્યો કેમ આ રીતે વર્તે છે? તેથી તે વિગતને સમજવા માટે તેણે ત્રણેય શિષ્યોને બોલાવ્યા અને પૂછ્યું કે તમે ટોર્ચનો આ રીતે ઉપયોગ કેમ કરો છો?

આશ્ચર્ય વચ્ચે ત્રણેય શિષ્યોએ દાવો કર્યો કે તેઓ તો તમારા શીખવેલા માર્ગ પર જ ટોર્ચનો ઉપયોગ કરી રહ્યા છે! બાઉલે પ્રથમ શિષ્યને પૂછ્યું કે તે કઈ રીતે?

તેણે એકદમ ગંભીરતાથી જવાબ આપ્યો, ‘‘આપે કહ્યું છે કે નિરર્થક જ્ઞાન ન કહેવું પણ મૌન રહેવું. બિનજરૂરી જ્ઞાન દેખાડવાથી જ્ઞાન વેડફાય છે, તેનું મૂલ્ય ઘટે છે, પ્રકાશ એ જ્ઞાનરૂપ છે તેથી હું તે પ્રકાશરૂપ ટોર્ચને બહાર દેખાડતો જ નથી! હા, ગુરુ આજ્ઞા માની એને ઝોળીમાં જરૂર ધારણ કરું છું!’’

બીજો શિષ્ય બોલ્યો, ‘‘જ્ઞાન અને પ્રકાશ પૂજનીય છે, તેમ આપે શીખવ્યું છે! શું પૂજનીય વસ્તુને ઝાડીઝાંખરાવાળા જંગલમાં, કેડી પર, જમીન પર, જ્યાંત્યાં ફેંકી દેવાય? તેથી હું પ્રકાશના પુંજને, યત્ન કરીને કુશળતાપૂર્વક જમીન પર ન પડે તેની કાળજી રાખી અને ઉપયોગ કરું છું!’’

ત્રીજો શિષ્ય બોલ્યો, ‘‘જ્ઞાન કે પ્રકાશ વ્યક્તિને ઓળખવા માટે ઉપયોગી છે! જ્ઞાનનું અંજન દરેકની આંખમાં થવું જોઈએ, એ આપના બોધ અનુસાર હું ટોર્ચનો શેરડો જમીન પર ન પડે પરંતુ આવનારના ચહેરા પર પડે, તેની ઓળખ છતી થાય, તેની આંખોમાં પ્રકાશનું અંજન થાય, તે હેતુસર પ્રકાશપુંજ તેની આંખો તરફ ફેંકું છું.’’

ગુરુજી સમજી ગયા કે ત્રણેય અંધકારને જ ઓળખી શક્યા નથી! ત્યાં સુધી તેઓને પ્રકાશનું વિતરણ અસ્થાને છે. તેમણે ત્રણેય પાસેથી ટોર્ચ પરત લઈ લીધી.

> ત્રણેયને ટોર્ચ આપી છતાં પણ પરોઢે કે સાંજે તેમને પગમાં વીંછી, કાનખજૂરા જેવાં ઝેરી જીવડાંઓ તો કરડતાં જ રહેતાં હતાં! બાઉલને આશ્ચર્ય થયું કે પ્રકાશ છે છતાં ઝેરી જીવડાંઓથી શિષ્યોનો બચાવ કેમ થતો નથી? તેથી તેણે ત્રણેય જ્યારે બહાર જાય ત્યારે એક એક પીઢ મારફતિયા માણસને પરિસ્થિતિનો તાગ લેવા માટે સાથે મોકલવાનું શરૂ કર્યું

સમાપનમાં રંજતદાસ બોલ્યા, ‘‘જ્ઞાનપથ પ્રદર્શન માટે છે, બીજાને આંજવા માટે નથી તે સમજવાની ક્રિયા એટલે જ બાઉલ બનવું!’’

અમે કલકત્તાથી લાવેલા સંદેશની સાથે આ ખટમીઠા બોધને માણી રહ્યા.